# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

Ref No. PN 2024-25/047 Dt. 02/08/2024

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ‘કરિયર ઓપોર્ચ્યુનિટીઝ ઇન USA એન્ડ એકઝીકયુટીવ લર્નિંગ ઓપોર્ચ્યુનિટીઝ ઇન INDIA’ વિષે સેમિનાર યોજાયો

## SGCCI તથા કેલિફોર્નિયાની સેન ડીયેગો યુનિવર્સિટી વચ્ચે સ્ટાર્ટ–અપ માટે ટેકનોલોજી ક્ષેત્રે સ્કીલ ડેવલપમેન્ટ કાર્યક્રમોનું સંયુકત રીતે આયોજન કરવા તેમજ ટેકનોલોજી એન્ડ ઇનોવેશન ક્ષેત્રે આંત્રપ્રિન્યોરશિપ અને સ્ટાર્ટ–અપ ડેવલપમેન્ટ હેતુ એમઓયુ થયા

**ભય, વધુ આનંદની લાગણી અને લાલચની ભાવનાના કારણે જ વ્યક્તિઓ સાયબર ફ્રોડનો ભોગ બને છે : સાયબર ક્રાઇમ સેલના મદદનીશ પોલીસ કમિશનર સુશ્રી શ્વેતા ડેનિયલ્સ**

**જીવનમાં ડિસ્કીલીંગથી અપસ્કીલીંગ અને રિસ્કીલીંગને નિરંતર શરૂ રાખવાની જરૂર છે : MS ઈન એન્જિનિયરીંગ મેનેજમેન્ટ એન્ડ લીડરશીપના એકેડમિક ડાયરેકટર શ્રી જી.બી. સિંઘ**

**હાલમાં વિશ્વમાં સસ્ટેનેબિલીટી, એઆઈ, સાયબર સિકયુરિટી, એન્જિનિયરીંગ જેવા વિવિધ ક્ષેત્રે શિક્ષણ અને રોજગારીની અનેક તકો રહેલી છે : સેન ડીયેગો યુનિવર્સિટીના Shiley-Marcos School of Engineeringના ડીન મિ. શેલ રોબર્ટ**

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને કેલિફોર્નિયાની સેન ડીયેગો યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે મંગળવાર, તા. ૩૦ જુલાઈ ૨૦૨૪ના રોજ સાંજે ૦૫:૦૦ કલાકે, સેમિનાર હોલ–એ,

સરસાણા, સુરત ખાતે 'કરિયર ઓપોર્ચ્યુનિટીઝ ઇન USA એન્ડ એક્ઝીક્યુટીવ લર્નિંગ ઓપોર્ચ્યુનિટીઝ ઇન INDIA' વિષય પર સેમિનાર યોજાયો હતો.

SGCCIના પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, ચેમ્બર ઓફ કોમર્સનું SGCCI એજ્યુકેશન એન્ડ સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર જેમ્સ એન્ડ જ્વેલરી, ટેક્ષ્ટાઈલ, ડિજિટલ માર્કેટીંગ, ઈમ્પોર્ટ–એક્ષ્પોર્ટના અને વ્યક્તિત્વ વિકાસના વિવિધ સર્ટિફિકેટ કોર્સ દ્વારા શહેરીજનોના કૌશલ્ય વિકાસમાં સહાયરૂપ બન્યું છે. ચેમ્બર દ્વારા પ્રોફેશનલ્સના જ્ઞાન અને કુશળતાને વધારવા માટે વાર્ષિક ૧૦૦થી વધુ કાર્યક્રમો કરવામાં આવે છે.

ચેમ્બર દ્વારા ૩૫થી વધુ ભારતની અગ્રણી શૈક્ષણિક સંસ્થાઓ સાથે એમઓયુ પર હસ્તાક્ષર કરાયા છે. પ્રથમ વખત, SGCCI વિદેશી યુનિવર્સિટી સાથે એમઓયુ પર હસ્તાક્ષર કરી રહ્યું છે, જે USAની ટોચની યુનિવર્સિટીઓમાંની એક છે. આ સહયોગથી એવા પ્રોફેશનલ્સને ઘણો ફાયદો થશે, જેઓ તેમના જ્ઞાન અને કૌશલ્યોને વધારવા આતુર છે તેવી આશા તેમણે વ્યક્ત કરી હતી.

દરમ્યાન આ સેમિનારમાં ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી તથા કેલિફોર્નિયાની સેન ડીયેગો યુનિવર્સિટી વચ્ચે સ્ટાર્ટ–અપ માટે ટેકનોલોજી ક્ષેત્રે સ્કીલ ડેવલપમેન્ટ કાર્યક્રમોનું સંયુક્ત રીતે આયોજન કરવા તેમજ ટેકનોલોજી એન્ડ ઇનોવેશન ક્ષેત્રે આંત્રપ્રિન્યોરશિપ અને સ્ટાર્ટ–અપ ડેવલપમેન્ટ હેતુ સમજૂતિ કરાર થયા હતા. આ સમજૂતિ કરાર પર SGCCIના પ્રમુખ શ્રી વિજય મેવાવાલા અને સેન ડીયેગો યુનિવર્સિટીના Shiley-Marcos School of Engineeringના ડીન મિ. શેલ રોબર્ટે હસ્તાક્ષર કર્યા હતા.

સુરત સાયબર ક્રાઈમ સેલના મદદનીશ પોલીસ કમિશનર સુશ્રી શ્વેતા ડેનિયલ્સે ભય, વધુ આનંદની લાગણી અને લાલચની ભાવનાના કારણે જ વ્યક્તિઓ સાયબર ફ્રોડનો ભોગ બને છે તેમ જણાવ્યું હતું. હાલમાં લોકો જોબ સેટિસ્ફેકશનની વધુ ઝંખના રાખે છે. કારણ કે, જ્યારે તમે પોતે સેટિસ્ફાઈડ રહો છો. ત્યારે વધુ સારી રીતે કાર્ય કરી શકો છો. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, મહેનતાનું કરતાં શહેરીજનો દ્વારા થતી સાયબર સેલની કામગિરીની પ્રશંસાના કારણે ગર્વની અનુભૂતિ થાય છે.

એમએસ ઈન એન્જિનિયરીંગ મેનેજમેન્ટ એન્ડ લીડરશીપના એકેડમિક ડાયરેકટર શ્રી જી.બી. સિંઘે જણાવ્યું હતું કે, 'તમે પોતે તમારું ભવિષ્ય નક્કી કરો છો. મારા મતે સફળતામાં નિયતિનો ભાગ આશરે ૨૦% અને ૮૦% તમારા પ્રયાસોમાં હોય છે. યુવાનો પોતે પોતાનું પ્રારંભ લખી શકે છે. યુવાનોએ પોતાને કોઈ પણ મર્યાદામાં રાખ્યા વિના આગળ કેવી રીતે વધી શકાય છે તે વિશે વિચારવું જોઈએ. જીવનમાં ડિસ્કીલીંગથી અપસ્કીલીંગ અને રિસ્કીલીંગને નિરંતર શરૂ રાખવાની જરૂર છે.'

સેન ડીયેગો યુનિવર્સિટીના Shiley-Marcos School of Engineeringના ડીન મિ. શેલ રોબર્ટે જણાવ્યું હતું કે, 'જીવનમાં જિજ્ઞાસા સૌથી મહત્વની હોય છે. એટલે તેને જાળવી રાખવાની જરૂર છે. જીવનમાં અનેક વાર તમારી સાથે થતી ઘટનાઓથી તમારામાં બદલાવ આવે છે, જે તમને સકારાત્મક બાબતો સુધી લઈ જાય છે. હાલમાં વિશ્વમાં સસ્ટેનબિલીટી, એઆઈ, સાયબર સિક્યુરિટી, એન્જિનિયરીંગ જેવા વિવિધ ક્ષેત્રે શિક્ષણ અને રોજગારીની અનેક તકો રહેલી છે.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. ચેમ્બરના માનદ્ ખજાનચી શ્રી મૃણાલ શુકલએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી અને ઉપસ્થિત સૌનો આભાર વ્યકત કર્યો હતો. શ્રી ઈશ્વર પટેલે વકતાશ્રીઓનો પરિચય આપ્યો હતો. ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી નિરવ માંડલેવાલા, ચેમ્બરના પૂર્વ પ્રમુખ તેમજ SRK નોલેજ ફાઉન્ડેશનના પ્રમુખ શ્રી કમલેશ યાજ્ઞિક અને આઇટી ક્ષેત્રના ઉદ્યોગ સાહસિકો, પ્રોફેશનલ્સ અને વિદ્યાર્થીઓ સેમિનારમાં ઉપસ્થિત રહયા હતા. વકતાશ્રીઓએ ઉપસ્થિતોના વિવિધ સવાલોના સંતોષકારક જવાબો આપ્યા હતા અને ત્યારબાદ સેમિનારનું સમાપન થયું હતું.